॥ नीलकंठेश्वरनो महिमा. ॥

કિમત ૦-૧-૦

શ્રી

नीलकंठेश्वरनो माहिमा.

બનાવનાર.

દવે ઉગરેશ્વર ભગવાનજી.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

દવે જગજીવન ભગવાનજી.

ઠેકાણું નંદપુરીમાં.



अमदावाद मध्ये.

" ચંદ્રોદય પ્રીંનટીંગ પ્રેસમાં છાપ્યું. "

સંવત ૧૯૪૫.

સને ૧૮૮૯.

કિંમત ૦-૧-૦

नीलकंठेश्वरनो महिमा.

સારૂ સારૂરે સુરત શેહેર. એ રાગ.

ધન ધન નીલકંઠ મોહાદેવ શોભા બહુ સારી,
કરે જક્ત તમારી શેવ મન જાય બલીહારી; ટેક.
ગાયકવાડી ડેહેગામ પ્રગણે મન આણી ઉલ્લાસરે,
આડ ગામની વચ્ચે ભોળે ભલો કર્યો છે વાસ. શો० ૧.
પ્રગણેથી પા ગઉના છેટે તાકી સરોવર તીરરે,
અમદાવાદી સડકના ઉપર બેઠા બાવન વીર; શો० ૨.
વગડે વશીયા દીસે રશીયા ઝાઝી વૃક્ષની ઝાડીરે,
એકાંતે બેશી બાવાએ બહુ લીલા દેખાડી. શો० ૩
આથમણું દેવળનું મોહોડું ધારી જોયું જાણરે,
દેવળ વચ્ચે જળાધારીમાં સુંદીર શીવનું બાણ શો. ૪
સામાં ઉભાં ઉમયા માતા નીરમળ નેણાં દાળીરે,
સોળ આભુષણ અંગ ધરી વાંકો અંબોડો વાળી. શો. ૫
બારણાની સાખે બે ઉભો છટા જેની અતીરે,
સામા સામી શોભી રહેલા ભૈરવને ગણપતી શો. ૬
ઘુમટ વચ્ચે શીવનો નંદી ઉભો આણી હર્શરે,
માંઇ ગોસઇ બાવાના મઠની ખુબી લાગે સરસ. શો. ૭
પુત્ર પરીવાર લેઇને બેઠા શ્રી ભોળો ભગવાનરે,
શીખર ઉપર ભગવુ ભલ્લુ ફરકેછે નીશાન. શો. ૮

બે વેળા આરતીઓ ઉતરે ઘંટ નગારાં વાગેરે,
પુજા અરચા પ્રેમે કરતાં ભારે સંકટ ભાગે શો. ૯
શ્રાવણ વદ અષ્ટમીને દહાડે ખુબી સારી થાયરે,
ભોળાનો ભાવેથી ભારે મેળો ત્યાં ભરાય શો. ૧૦
દસ પંદર ગામોના ભેગા થઈને આવે લોકરે,
લીલા થાતી લાખેણી શોભા જેનારા છટકે શોક. શો ૧૧
નરને નારી ઉલટ ધારી અતર ફુલેલ ઘાલેરે
નવાં નવાં આભુષણ પેહેરી મન માને ત્યા માહાલે શો. ૧૨
વણાકને વેપારી આવે ઉરમાં આણી પ્યારરે;
દુકાનો માંડીને સઘળા બેસે હારો હાર શો૦ ૧૩
તરે તરેની ચીજો વેચે ઊલટ લાવી ઊરરે,
બરફી પેંડા ગુંજા ગેબર ખારેકને ખજુર શો ૧૪
લાકડસઇ લાડુને જલેબા સુતરફેણી સારી રે,
બીરંજ કચોરી મુંબઇના હલવાને સુંદર ધારી શો ૧૫
ખાંડ ગોળ ટોપરાની કાચલી પંચાજીરી પ્યારીરે,
સાકરીયા ચણાને સુખડી વેચે ખુમો મારી શો ૧૬
વાઘરી લોકો કાચાં પાકાં ચીભડાં લઈને બેસેરે,
જેની જેવી મરજી હોય તે પંસા આપી લેશે. શો. ૧૭
મનગમતી વસ્તુ જોઈ ને મેળા માંયરે,
નરખી હરખી લોકો લેઈને હરતાં ફરતાં ખાય. શો. ૧૮
ગરદી થાતી ભીડ ન માતી ખુબી જામે ખાસીરે,

અસ્ટમીએ કૃષ્ણજી અવતરીઆ તેથી સઉ અપવાશી શો. ૧૯
શંભુ મેળો થાયછે ભેળો નઉતમ નરને નારીરે,
ડેહેગામથી ડંકા સાથે આવે છે સરકારની સ્વારી શો. ૨૦
ખુબી જાંમે દુખડાં વામે થાય જોવાની લેહેર રે,
બાજીગર બહુ ગમત કરતા બેસી ઠેરો ઠેર શો. ૨૧
કોઇ ચલાવે હસ્ત ક્રીઆઓ નજર ચુકાવી નાંખેરે,
પૈસો લેવા પાખંડી મોંઢેથી મીઠું ભાંખે શો. ૨૨
કોઇ રમાડે મરકટ રીંછો હાક ડેરવી ઠાંસરે,
વાદી કાળા નાગ જગાડે ચડે બજાંણીયા વાંસ. શો. ૨૩
હુનરવાળા હુન્નર આવી હરખી ઉદ્યમ કરતારે,
વીધ વીધનાં રમકડાં લેઈને મેળા વચે ફરતાં. શો. ૨૪
કોઇ સરખટની સાંઠી ઉપર રમકડાં બનાવેરે,
દોરી સંચો કરીને અધર રાખીને હલાવે. શો. ૨૫
લાલ આવે લાકડીઓ ઝાલી ભભકા મારી ભારેરે,
વીજીઆ માઝમ ગાંઝા પીને રૂડી રોફો મારે. સો. ૨૬
હાકેડા ઠાકોર બનીને ઊરમાં ઊલટ લાવેરે,
દસ પંદરનાં ટોળાં થઈને ગામો ગામથી આવે. સો. ૨૭
એક જણો મઈ પખાજ વગાડે બીજાં કાંસી જોડારે,
ગાતા ઘાટડીઓ વાળી વાંકા મેલી અંબોડા. સો. ૨૮
આંખ્યોમાં સરમો આંજેને ધોતી ખેડા ઢળકેરે,
હાથે બાંધે અછોડા માથામાં દરપણ ચળકે સો. ૨૯

બેહીશની વાંસડીઓ ધાશે દેખાવા અમુલ્યરે,
કરણનાંને આવેળાંનાં ફરતાં બેસે ફુલ. સો. ૩૦
ઠકરઈ હાલી કરતા ખાલી આંબળો ઊર ન માયરે,
માંથોડુ માંથોડુ કુદી ગાંડુ ગાંડુ ગાય. સો. ૩૧
બામનીઓને બાળીને ત્યાં વાંકુ ચુકુ બોલેરે,
કુદી કાબ્બા કચરી નાંખે દારૂ પીને ડોલે. સો. ૩૨
બાંમનીઓ પણ ભભકા મારે ભરજોબનીઓ ભારીરે,
મીઠુ ગાતી થઇ મદમાતી આભુષ અંગે ધારી સો. ૩૩
મંગળ ખુબી સજીસે રૂબી હૈએ હરખ ન માસરે,
પઈ પૈસો લેઈ સીવ દેવળમાં દરસન કરવા જાય. સો. ૩૪
દરસન કરતાં લોકોની ત્યાં ભારે થાતી ભીડરે,
કૈક પડે ને કૈક રડે કૈકોને ચડતી ચીડ. સો. ૩૫
કૈક બાહાજે સામા સામી કૈ જઈ મુકાવેરે,
કૈક લડાડે કૈ સામા ઊપરાણું લેઇ આવે સો. ૩૬
કૈક બળીઆ ધકા મારી વચ્ચે થઈને જાતારે,
પૈસો નાંખી પાયે લાગી મનમાં ખુસી થાતા સો. ૩૭
કૈકજણા મનમાં જો માંણે કૈને પડતી કસ્ટીરે,
ઊપરથી પોલીસો મારની વરસાવે છે વસ્ટી સો. ૩૮
ક કુડીલા કુડુ કરવા ગરદી વચ્ચે આવેરે,
લાગ તપાસી કાંમનીઓના કુચોજ દબાવે. સો. ૩૯

લુચ્ચાવો લુચ્ચઇ કરીને મનમાં ખુસી થાયરે,
હેવામાં જાહેર પડે તો પોલીસ પકડી જાય. સો. ૪૦
પોલીસ પકડી બાંધી ઝકડી ઉપરી પાસે લાવેરે,
લબાડ લાતો ખઇને ત્યાંથી ડંડ આપાને આવે. સો. ૪૧
જેની જેવી ઈચ્છા તેવી લીલા લેછે માંણીરે,
હેદળ વાદળ ભેગુ થઈ ફરતુ ઊલટ આંણી શો. ૪૨
સોખીલા નર ભેગા થઇને મનને વેહેતુ મેલેરે
ચોસર પતાં પ્રીત ધરીને ખાંતે ખાંતે ખેલે. શો. ૪૩
નાનાં વીધ વાજાં અંદર સુંદીર કરતાં સોરરે
જય બોલાવે શંકરનીને બહુ થાતો બકોર શો. ૪૪
કોટાનકોટી માણસોના બબે ભરાતા હોડારે
આગળ પાછળ દોડમદોડા કરતા ગાડીઘોડા. શો. ૪૫
ઝાઝી ખુબી કરતાં હારૂ ગાતાં આળસ થાયરે
સાંજે સઉ દરસન કરીને સઉને મંદીર જાય. શો. ૪૬
નીલકંઠેશ્વરનો આ મહીમા ગાશે આણી પ્યારરે;
મનની ઇચ્છા પુરી પડતાં જાશે સીવને દ્વાર. શો. ૪૭
વાંચેને વાંચી સંભળાવે તેના પોકે કોડરે
જેજે સ્પોલો શંકરની કેહે ઉગરેસ્વર કરજોડ. શો. ૪૮
લીલકંઠેસ્વરનો મહીમા પરીપુર્ણ થયો શ્રીસ્તુ.

આવો હરી શીવશંકર ભોળા એ રાગ.

ભજો નીલકંઠેસ્વર ભાવે,
પછે આવો જોગ નહીં આવે. ભજો.
ખરા દીલે ધ્યાન એનું ધરશો. ટેક
એકાગ્રે મન કદી કરશો,
ભોળાનામે ભવસાગર તરશો. ભજો. ૧
ગીદા મને જે કરશે સેવા;
મળે તેને મન ગમતા મેવા.
જમાના ડંડ ન પડે દેવા. ભજો. ૨
કોટી કસ્ટ ઉમાવર કાપે,
જેને જેવી ઇચ્છા તે આપે;
પોતાના પુત્ર કરી થાપે. ભજો. ૩
ભોળાને જે ચડાવે જળ લોટો,
તેને માહાદેવ જાણેછે મોટો,
કશો તેને નવ રાખે ટોટો. ભજો. ૪
ઊલટ ધરી અરપે બીલી પાન,
જરૂર તેની અરજી લેઇ કાન,
આપે ધન મુકતીને સંતાન, ભજો. ૫
ભાવેથી જે ભકતી કરે ભારી,
તોડે કોટી કસ્ટ તણી બાહારી,
સદા રહે ખુશી ત્રીપુરારી. ભજો. ૬

ભગરેસ્વર કરજોડી કેહેછે,
ભોળાની ભક્તીમાં રેહેછે;
સદા નામ શીવ તણું લેછે. ભજો. ૭
સંપુર્ણ શ્રીસ્તુ.

ડભોડીઆ હનુમાનની લાવણી.

ધન ડભોડીઆ હનુમાન, હુંતો ધરૂં તમારૂં ધ્યાન;
ઉપર ભગવુ નીશાન, શોભા સારી. ૧
નવ ખંડમાં છે નામ, દીઠા ડભોડામાં ઠામ;
ધેંગુ ધારી જોયુ ધામ, જાવુ બલિહારી; ૨
દક્ષણ દીશાએ છે મુખ, ન્યાળી જોતાં જાય દુખ;
સ્થીર મને થાય સુખ, દરસન કરતાં; ૩
ચડે સીંદુરને તેલ, રંગ માહી રેલા રેલ;
ખરો જોઓ ખુબી ખેલ, બહુ દુખ હરતાં; ૪
વજ્રની લંગોટી વાળી, ચેહેરો જોઓ ચીત ચાળી;
ધીંગો ધોકો ખભે ઢાળી, ખબડદાર ખડા; ૫
ભાળુ ભયંકર વાન, ભલા જોઈ ભુલે ભાન;
કાળને ઝલાવે કાન, હેવા વીરવડા; ૬
આક પુષ્પની છે માળા દીઠા સોભીતા રૂપાળા;

છેલ છબીલા છોગાળા, અંકટ બળી;
ચાંપી પનાતીને પ્રીતે, વશ કરી સારી તે. ૭
દયાદાસો પર નીતો પુસ્ટ નાંખે દળી,
જોડે અખંડ જોત બળે. કોઈ દીવસ ન ચળે;
ભાનુ ભેગુ તેજ ભળે; સઉ જઈને જુવો, ૮
મોટુ મોક્ષનું છે દ્વાર. સત્ય અપરંમપાર.
નીરખી લેહ નરનાર, સંદેહ ખુવો; ૯
કાળી ચઉદસને દાહાડે, બહુ લોક બાધા કાડે;
ઠાર તેલની ત્યાં પાડે, ખુશી થઈને. ૧૦
દુર દેશી દોડયા આવે, ભોળા જન ઘણા ભાવે;
ચોખા મનથી ચડાવે, સનમુખ જઈને. ૧૧
સનીવારે ભીડ અથોક, ઝાઝા ભરાએ છે લોક;
ખુબી જોતાં જાય શોક, બહુ બાહાર થાતી. ૧૨
જે જે માહારૂતીની ઓસે, દીલમાં ઈદાસા ડોલે;
માનુનીયો ચડી ઝોલે, ગાજી ગાજી ગાતી. ૧૩
લોકો પ્રીતે પરવરે, પરદક્ષા ત્યાં ફરે;
લાલ લાડવા ત્યાં કરે, ઘણો ભાવ ધરી; ૧૪
વીપ્ર જમાડીને જમે, પછી મંદીરમાં ભમે;
આખો દીન બાજી રમે, ઠીક થઈને ઠરી; ૧૫
લેહેરી લોકો કરે લેહેર, ટોળાં બેશી ઠેરો ઠેર;

ખુબ ખેલે ખુશી ભેર, ઉલટ લાવી; ૧૬
સાંજે આરતીની વેળા, સઉ ભક્તો થાય ભેળા;
બહુ કરતાં મેળા, ઉભા રહે આવી. ૧૭
થાય નોબતનો ઘોર, ત્રણ ગણ જોય સોર;
ઘંટ ઘડીયાળોની હાર. પ્રીતેથી પડે. ૧૮
ઘણોણાટ ઘણો થાય, જોઈ જીવ હરખાય,
બધાં પાપ બળી જાય, કસ્ટ નવ કનડે; ૧૯
જોડે રામજી મંદીર, ઘણી ખુબી છે અંદર;
માંય દેવતા પંદર, સોભા સારી; ૨૦
રામ લક્ષ્મણની જોડી, નાંખે પાપ તાપ તોડી,
ઉભા સુદીર સાહ્યો હોડી, ધનુષ ધારી;
સીતા માતા ધરી પ્યાર. ત્રણે ઉભાં હારો હાર.
ખીલ્યો દેવ દરબાર. સારી લાગે છટા; ૨૧
ઉંચો મંદીરનો ચડાવ, જોડે જાળીનો જડાવ;
દેખ્યો ડંકાનો મહડાવ, બની ગરવી ઘટા. ૨૨
બહુ બાંધણી છે બેસ, ભૂલ નથી લવલેશ;
અભ્યાગતને હમેશ, અંન દાન આપે. ૨૩
ધન માનતનો વીવેક, અંદર કુવો બાંધ્યો એક;
રાખે પરદેશીનો ટેક. કોટે કસ્ટકાપે; ૨૪
પાસે પીપળાનું વૃક્ષ, તુળસી ચારો છે પ્રતક્ષ;
જોવું ધારે ઢાળી ચક્ષે; રૂડી ભાસે કળા. ૨૫.
આગળ છોટોસક બાગ; પુષ્પ વેલીછે અથાગ;

ફરતો મોકળો છે માગ, જોડે ધર્મશાળા. ૨૬
સામું ભંડારખાંનુ ભરીયું, અંદર અઢળક અન ભરીયું;
સંત વીપ્રોનુ દીલ ઠરીયું, સદાવ્રત લેસને. ૨૭
જુગલદાસ મોટા મારાજ, કરતા રંક જનોના કાજ;
રાખે ગરીબોની લાજ, અંન ધંન દેઇને. ૨૮
મંદીર સામી ગંગા વહે છે, જળ મીઠું પણ ખારી કહેછે;
મોંઈ નાતાં મોક્ષ દેસે, પારખુ છે ખરૂ. ૨૯
આઝુ વાંગ્લ કરતાં હારૂ, જોતાં મોચ્યું મના મારૂ;
દીઠુ તરવાનું બારૂ, પાપ જાતુ પરૂ. ૩૦
ધન ડબોડાનુ પુન્ય, નથી રહી કાઇ નુન્ય
સોક થઈ સંતાપ નાંખ્યા તોડી. ૩૧
કે છે ઊગરેશ્વર ભગવાન વડા વીપ્રનો સંતાંન
નંદપુરીમાં સ્વસ્થાન, કહું કરંજોડી.

લાવણી સંપુર્ણ શ્રી.



समाप्त.